ક્રમાંક:યોજના/NGC/૨૦૧૯/૧૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર
તા: ૧૬/૦૫/૨૦૧૯

પ્રતિ,
**આચાર્યશ્રી,**
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ, શાળાઓ તમામ
સંબંધિત જિલ્લો

**વિષય: નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.) કાર્યક્રમ હેઠળ શાળાઓમાં ઈકો કલબની સ્થાપના કરવા બાબત**

જય ભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (ગીર) ફાઉન્ડેશન એ ગાંધીનગર સ્થિત ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કાર્યરત એવી સ્વાયત્ત સંસ્થા છે. વર્ષ ૨૦૦૧ થી ભારત સરકારના સહયોગથી ચાલતા નેશનલ ગ્રીન કોર્પ્સ નામના કાર્યક્રમની સ્ટેટ નોડલ એજન્સી છે. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરની 7600 થી વધુ શાળાઓમાં ઈકો કલબની સ્થાપના કરેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ દ્વારા સમાજના બહોળા વર્ગ સુધી પર્યાવરણ અંગે સભાનતા કેળવી ભાવિ પેઢીને જાગૃત કરવાનો છે. ભારત સરકાર તરફથી વાર્ષિક ₹5000 નાણાકીય સહાય પણ આપવામાં આવે છે. આ નાણાકીય સહાય છે જેથી આ સહાય ખર્ચ કરવાની કોઇ સમય મર્યાદા નથી. જેમાંથી શાળાઓ પર્યાવરણ, વન્યજીવ અને પર્યાવરણ સંરક્ષણ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

અત્યાર સુધી આ કાર્યક્રમ હેઠળ જિલ્લા દીઠ 250 શાળાઓનો સમાવેશ થઇ શકતો હતો પરંતુ, આ કાર્યક્રમનો વ્યાપ વધારવા માટે તાજેતરમાં ભારત સરકારશ્રી તરફથી મળેલ નિર્દેશ મુજબ આ મર્યાદા વધારીને જિલ્લા દીઠ 500 શાળાઓ કરી દેવામાં આવેલ છે. જેથી જે શાળાઓ આ કાર્યક્રમમાં સામેલ ન હતી તે શાળાઓ હવે આ કાર્યક્રમમાં જોડાઇ શકે છે. જે શાળાઓનું આ કાર્યક્રમ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ ન હોય તે શાળાઓએ આ સાથે સામેલ રજીસ્ટ્રેશન ફોર્મની સંપૂર્ણ વિગતો ભરીને સ્કેન કરીને ફોર્મમાં દર્શાવેલ ઇમેઇલ એડ્રેસ પર મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત બાબતે કોઇપણ વિગતોની પૂછપરછ કે માહિતી મેળવવી હોય તો આપ 'ગીર' ફાઉન્ડેશન નો સંપર્ક કરી શકો છો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ: એન.જી.સી. ઇકો ક્લબ રજીસ્ટ્રેશન ફોર્મ
નકલ સવિનય રવાના: નાયબ નિયામકશ્રી (ઈ.ઈ.), 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

Scanned by CamScanner

# "ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ("ગીર") ફાઉન્ડેશન



જી.સી. કુરીયા, ગુવસે
નાયબ નિયામક , પર્યાવરણ શિક્ષણ


ક્રમાંક: એનજીસી/૧૨/બ- ૯૩૦-૩૩ સને ૨૦૧૯-૨૦ તા:૩ /૦૫/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)

**વિષય:** **નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.)કાર્યક્રમમાં નવી શાળાઓનો સમાવેશ કરવા બાબત.**
**સંદર્ભ:** ભારત સરકારશ્રીના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના પત્ર નં.૩-૨/૨૦૧૬-ઈઈ (વોલ્યુમ-૧), તા.૦૧/૦૫/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, ભારત સરકારશ્રીના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.)કાર્યક્રમને પ્રાધાન્ય આપવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યના **૩૩ જિલ્લાઓમાં ૭૫૮૨** ઈકો કલબ સ્થાપવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના આદેશ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ થી તમામ ઈકો કલબ શાળાઓને **રૂ.૫૦૦૦/- નાણાંકીય સહાયની રકમ** અત્રેની કચેરી દ્વારા Public Financial Management System (PFMS) પોર્ટલના માધ્યમથી સીધી જ શાળાઓના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે તેમજ આગામી વર્ષોમાં પણ આ માધ્યમ દ્વારા જ નાણાંકીય સહાયની ચૂકવણી કરવામાં આવશે.

**વધુમાં ઉપરોક્ત સંદર્ભપત્ર અન્વયે ભારત સરકારશ્રી દ્વારા આ કાર્યક્રમમાં વધુ ગતિશિલતા લાવવા માટે ૨૫૦ ઈકો કલબ પ્રતિ જિલ્લાની જે મર્યાદા હતી તે વધારીને ૫૦૦ ઈકો કલબ પ્રતિ જિલ્લા કરી દેવામાં આવેલ છે.** જેથી આપના જિલ્લાની એન.જી.સી. ઈકો કલબ ધરાવતી શાળાઓ ઉપરાંત નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરી શકાશે. નવી શાળાઓને આ કાર્યક્રમમાં જોડાવવા માટેનું રજીસ્ટ્રેશન ફોર્મ તથા આપની સરળતા માટે પરિપત્રનો નમૂનો પણ આ સાથે સામેલ કરેલ છે.

આપના જિલ્લામાં કાર્યરત એન.જી.સી. ઈકો કલબ શાળાઓના રજીસ્ટ્રેશન નંબર સાથેની યાદી હાર્ડકોપીમાં આ સાથે સામેલ છે, શાળાની વિગતવાર માહિતી સોફ્ટ કોપીમાં આપને ઈ-મેઈલ દ્વારા મોકલાવેલ છે. જે તે જિલ્લાની ઈકો કલબ શાળાની મોકલાવેલ આ યાદી જ માન્ય ગણાશે.

વધુમાં જણાવવાનું કે, નેશનલ ગ્રીન કોર્પ્સ કાર્યક્રમને ભારત સરકાર દ્વારા પ્રાધાન્ય આપવામાં આવે છે. તેથી આ કાર્યક્રમને ગુજરાત રાજ્યમાં વધુ સુદ્રઢ બનાવી શકાય તેમજ આ કાર્યક્રમના હેતુઓને સિદ્ધ કરવાના હેતુસર જૂન માસના પહેલા પખવાડિયામાં એક બેઠકનું આયોજન કરવામાં આવનાર છે, જેની તારીખ નક્કી થયેથી આપને જાણ કરવામાં આવશે.

જી.સી. Kuriya
(જી.સી. કુરીયા)
નાયબ નિયામક (ઈ.ઈ.)
"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

૧) નાયબ વન સંરક્ષકશ્રી (તમામ) તરફ જાણ તથા ગત વર્ષોની નાણાંકીય સહાયની ચૂકવણી કરવાની બાકી હોય તો આ યાદીના આધારે ત્વરિત ચૂકવણી કરવા વિનંતી છે.

૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) તરફ આપના જિલ્લાની ઈકો કલબ શાળાઓની યાદી શાળાઓની યાદી આ સાથે જાણ સારૂ સામેલ છે.

૩) જિલ્લા સંકલનકારશ્રી(તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

**NATIONAL GREEN CORPS (NGC)**
**ECO CLUB SCHOOL REGISTRATION FORM**

**અગત્યની સુચના:** આ ફોર્મ અંગ્રેજી ભાષામાં કેપીટલ અક્ષરોમાં જ ભરવું તેમજ દરેક વિગતો આપવી ફરજિયાત છે

*(For Office Use Only)* **REG NO.:** NGC- FORM NO.:

| **SCHOOL CODE:** | | | | |
|---|---|---|---|---|
| WRITE APPLICABLE | **DISE NO.** | **INDEX NO.** (HIGH SCHOOL) | **INDEX NO.** (HIGHER SECONDARY SCHOOL) | **AFFILIATION CODE** (CBSE / ICSE) |

| **SCHOOL BOARD:** | | | |
|---|---|---|---|
| TICK APPLICABLE | GUJARAT BOARD | CENTRAL BOARD (CBSE) | INTERNATIONAL BOARD (ICSE) |

| **SCHOOL TYPE:** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| TICK APPLICABLE | JAWAHAR NAVODAY VIDYALAYA | KENDRIYA VIDYALAYA | ASHRAM SHALA | MODEL SCHOOL | UTTAR BUNIYADI SHALA | ADARSH NIVASHI SHALA | OTHERS |

| **SCHOOL LEVEL:** | | | |
|---|---|---|---|
| TICK APPLICABLE | PRIMARY | SECONDARY | HIGHER SECONDARY |

**NAME OF SCHOOL:** ____________________
**NAME OF ECO CLUB:** ____________________
**ADDRESS:** ____________________
____________________ **CITY/PLACE:** ____________________
**PINCODE:** __________ **TALUKA:** __________ **DISTRICT:** __________
**STD CODE:** __________ **PHONE NO (OFFICE).:** ____________________
**SCHOOL EMAIL:** ____________________

**NAME OF PRINCIPAL:** ____________________
**PRINCIPAL MOBILE NO:** ____________________
**PRINCIPAL EMAIL:** ____________________

**NAME OF ECO CLUB TEACHER:** ____________________
**ECO CLUB TEACHER MOBILE NO:** ____________________
**ECO CLUB TEACHER EMAIL:** ____________________

**SCHOOL BANK ACCOUNT DETAILS**
(શાળાના બેંક ખાતાની વિગતોની ખરાઈ માટે પાસબૂક અથવા ચેકની નકલ જોડવી)

**ACCOUNT NAME:** ____________________
**ACCOUNT NO.:** ____________________
**BANK NAME:** ____________________
**BANK BRANCH:** ____________________
**IFSC CODE:** ____________________

**SCHOOL ROUND STAMP** **PRINCIPAL SIGN & STAMP**

**Indroda Nature Park, PO Sector-7, Gandhinagar-382 007, Gujarat, INDIA**
**Phone:** +91-79-23977300 **Fax:** +91-79-23977313
**Email:** ngcgujarat.ecinfo@gmail.com **Website:** www.geerfoundation.gujarat.gov.in